# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તા: ૭/૪/૨૦૨૦

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# નાટકને કારકિર્દી ન બનાવી શકાય : ગુજ્જુભાઇ

## ચેમ્બર દ્વારા અભિનેતા શ્રી સિદ્ધાર્થ રાંદેરીયા (ગુજ્જુભાઇ) સાથે વિચાર ગોષ્ઠી યોજાઇ

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા આજે સાંજે ૫:૦૦ કલાકે વિડિયો કોન્ફરન્સ (વેબીનાર) થકી ગુજરાતી ફિલ્મો અને નાટકના વિખ્યાત અભિનેતા શ્રી સિદ્ધાર્થ રાંદેરીયા (ગુજ્જુભાઇ) સાથે વિચાર ગોષ્ઠીનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં ગુજ્જુભાઇએ ગુજરાતી ફિલ્મ અને નાટક જગતની ઘણી રસપ્રદ વાતો કરી હતી. નાટકને કારકિર્દી ન બનાવી શકાય એવું સ્પષ્ટપણે કહેનાર ગુજ્જુભાઇ હવે ફિલ્મોમાં કોમેડી કરતા કંઇ જુદુ કરવા માટે પ્રયાસ કરી રહયાં છે.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇએ જણાવ્યુ હતુ કે, ચેમ્બર દ્વારા લોકડાઉનની પરિસ્થિતિમાં ઘરે બેઠા ઉદ્યોગકારો તેમજ લોકોને મોટીવેટ કરવા માટે વિવિધ વિષયો સાથે વેબીનારનું આયોજન કરવામાં આવી રહયું છે.

અભિનેતા શ્રી સિદ્ધાર્થ રાંદેરીયા (ગુજ્જુભાઇ)એ જણાવ્યુ હતુ કે, ગુજ્જુભાઇ એટલે ગુજરાતી મિડલ કલાસ માણસનું પ્રતિનિધિત્વ કરતું પાત્ર. લોકોને કોમેડી પ્રત્યે વધારે રૂચી હતી એટલે એ સમયગાળા દરમિયાન કોમેડીને ધ્યાનમાં રાખીને અગ્યાર નાટકો ગુજ્જુભાઇની શ્રૃંખલામાં રજૂ કર્યા હતા. આ નાટકોમાં મોટાભાગે સાંભળવા મળતી પંચલાઇન ‘એની માને ની માને’ ઘણા બધા ઇમોશનમાં બોલી શકાય છે. આ પંચલાઇન મારા ધ્યાનમાં ન હતી પણ લોકોએ એને પકડી પાડી હતી. ગુજ્જુભાઇ નામ વિશે તેમણે જણાવ્યુ કે, ગુજ્જુભાઇ નામ

રાખવા પાછળ ગુજરાતીઓને ઉતારી પાડવાનો કોઇ આશય ન હતો પણ એ એક હુલામણા નામ તરીકે લેવામાં આવ્યુ હતુ જેને હવે સમાજે સ્વીકારી લીધુ છે.

અભિનય વિશે તેમણે કહયુ હતુ કે, અભિનય શીખવા માટે ઘણા પુસ્તકો ઉપલબ્ધ છે પણ અભિનેતાની પોતાની સમજશકિત ઉપર લખાણનો આધાર રહેલો છે. અભિનય શીખવા માટે ગુજરાતીમાં એકદમ પર્ફેકટ હોય એવી કોઇ ઇન્સ્ટીટયુટ મારા ઘ્યાનમાં નથી. પરંતુ ફિલ્મ એન્ડ ટેલીવિઝન ઇન્સ્ટીટયુટ ઓફ ઇન્ડિયામાંથી ઘણા વિદ્યાર્થીઓ બહાર પડે છે. હવે તો માત્ર અભિનય નહીં પણ થીયેટરના સમગ્ર પાસાઓની ટ્રેનીગ આપવામાં આવે છે. અભિનય માટે હવે સીમાડા તુટી રહયાં છે. ઉદ્યોગપતિના દિકરાઓ બિઝનેસ છોડીને આસિસ્ટન્ટ ડાયરેકટર કે રાઇટર તરીકે આવી રહયાં છે. છોકરાઓ હવે પોતાને ગમતી ચીજ કરવા માંગે છે. આ એકપ્રકારે સારી બાબત છે કે કારણ કે એની નિષ્ફળતાને પણ એ પચાવી શકશે નહીતર એ બીજાને જ દોષ આપશે.

પોતાની કારકિર્દી વિશે તેમણે જણાવ્યુ હતુ કે, ઇન્ડીયન થીયેટર ઇન્સ્ટીટયુશનમાંથી નાટકમાં કામ કરવાની શરૂઆત કરી હતી. આજથી ૨૫ વર્ષ પહેલાં શ્રી પ્રવિણ જોશી, સુશ્રી સરીતાબેન અને શ્રી અરવિંદ જોશી સાથે ઘણા નાટકો કર્યા હતા. મોટો ઓડીયન્સ વર્ગ છેલ્લાં દસ–બાર વર્ષમાં ઉભો થયો છે. તેમણે કોમેડીથી હટકે નટ સમ્રાટ નામનું નાટક પણ ભજવ્યું છે, જે લોકોએ ખૂબ જ પસંદ કર્યુ છે.

ગુજરાતી રંગભૂમિની વાત કરુ તો ૧૯૬૮થી હું જોડાયેલો છું. મારા પિતા શ્રી મધુકર રાંદેરીયા સારા નટ હતા અને એ નવી ગુજરાતી રંગભૂમિના પાયાના એક ભાગ હતા. અંગત રીતે એવુ માનવુ છે કે શ્રેષ્ઠ નાટકો ૭૦થી ૮૨ના દાયકા સુધી આવ્યા હતા. તે સમયે શ્રી પ્રવિણ જોશી, શ્રી શૈલેષ દવે, શ્રી પ્રબોધ જોશી (લેખક), શ્રી પ્રવિણ સોલંકી, શ્રી અરવિંદ ઠકકર અને શ્રી ઉપેન્દ્ર ત્રિવેદીએ જે નાટકો કર્યા હતા ત્યારે ગોલ્ડન પિરિયડ હતો.

તેમણે કહયુ કે, ગુજરાતી રંગભૂમિ બોરોડ મટિરિયલ ઉપર ખૂબ જ આધાર રાખે છે. પહેલાં અંગ્રેજીમાંથી અને ત્યારબાદ મરાઠીમાં જે નાટકો ભજવાયા હતા એના પરથી ગુજરાતીમાં નાટકો ભજવવામાં આવતા હતા. ગુજરાતીમાં ઓરીજિનલ રાઇટીગ બહુ જ ઓછું થયુ છે. મારા મોટાભાગના નાટકો મરાઠીમાંથી આવ્યા છે. મરાઠીમાં ખૂબ જ વિષય વૈવિઘ્ય છે. કારણ કે થીયેટર જોવા માટે પણ ત્યાંની પ્રજા ખૂબ જ સુસજજ છે, જે ગુજરાતમાં જોવા મળતી નથી.

તેમણે જણાવ્યુ હતુ કે, અભિનેતા તરીકે મને જે કહેવામાં આવે છે તેને છેલ્લે સુધી પાર પાડવાનું હોય છે. રંગભૂમિ અને સિનેમા બંને જુદી ટેકનીક છે. સિનેમામાં ડાયરેકટરે જ આખી ફિલ્મ વિચારેલી હોય છે આથી તે કેપ્ટન હોય છે. પરંતુ રંગભૂમિમાં કલાકારોએ છેલ્લે સુધી નાટકને ભજવવાનું હોય છે. લોકોને સીન કેવુ લાગતુ હશે અને કલાકારોના ડાયલોગની લોકો ઉપર શું અસર પડે છે તે બાબતને પણ હુ ઘ્યાનમાં રાખુ છું.

તેમણે ખૂબ જ સ્પષ્ટપણે જણાવ્યુ હતુ કે, નાટકને કારકિર્દી ન બનાવી શકાય. ૭૦ પહેલાં પણ અઘરુ હતું, મે શરૂ કર્યુ ત્યારે પણ અને આજે પણ ખૂબ જ અઘરુ છે. મે ૨૫ રૂપિયામાં નાટક ચાલુ કર્યુ હતુ. ઇન્ફલુએશન વધે એટલે મહેનતાણુ વધે છે પણ નાટક પ્રત્યે હવે સમાજમાં સુજ રહી નથી. ક્રિએટીવ વર્ગ પણ ખૂબ જ સિમિત છે. મને જે નથી ગમ્યા એ નાટકો મે બંધ કરી દીધા છે. બે – ત્રણ શો બાદ પણ મને લાગે કે કંઇ ખુટે છે તો મે આઠ–દસ શો પણ રદ કરી દીધા છે.

સંગિત અને પેન્ટીંગનો શોખ ધરાવતા ગુજજુભાઇએ જણાવ્યુ હતુ કે, જોઇ પણ ન શકાય એવી હિન્દી નબળી ફિલ્મો માટે વેબ ચેનલો કરોડો રૂપિયા આપે છે, જયારે સરસ મજાની ગુજરાતી ફિલ્મોને વેબ ચેનલો વ્યવસ્થિત રૂપિયા પણ આપવા માંગતા નથી. આથી વેબ ચેનલોને ગુજરાતી ફિલ્મો અપાતી નથી. તેમણે કહયુ કે, અભિનયમાં આવવા માટે દરવાજો એક છે અને લાઇન પણ એક જ છે. કોણી પાસે કેટલા રૂપિયા છે તેનાથી દિગ્દર્શકને કોઇ ફરક પડતો નથી. એમને માત્ર ટેલેન્ટમાં જ રસ છે. સ્ટેજ પર આવી જવાનું આસાન છે પણ આગળ તો લોકોની સ્વીકૃતિ ઉપર આધાર છે.

મનગમતી ફિલ્મનો દાખલો આપતા તેમણે કહયુ હતુ કે, હિન્દી ફિલ્મમાં જેમ 'દિવાર' એક દાખલો છે એવી રીતે મરાઠી નાટક 'અશ્રુંચી ઝાલી ફુલે'માંથી જે નાટક ગુજરાતીમાં ભજવાયુ હતુ એ મને ખૂબ જ ગમ્યુ હતુ. હું કોઇ કેરેકટરને શોધવાને બદલે સ્ક્રીપ્ટ મને શોધી કાઢે એ વાતમાં વધારે માનુ છું. હવે ફિલ્મોમાં માત્ર કોમેડી કરતા કંઇ જુદુ કરવાની મારી ઇચ્છા છે અને એના માટે હું પ્રયાસ પણ કરુ છું.

ચેમ્બરની એન્ટરટેનમેન્ટ કમિટીના કો–ચેરપર્સન શ્રીમતી નમ્રતા દેસાઇએ વેબીનારનું સંચાલન કર્યુ હતુ. ઇવેન્ટ્સ એન્ડ પ્રોગ્રામ્સ સેલના હેડ શ્રી મૃણાલ શુકલએ પ્રાસંગિક વિધી કરી હતી. વેબીનારમાં દેશભરમાંથી ૩૬પથી વધુ લોકોએ ભાગ લીધો હતો અને તેમનો ખૂબ જ સારો પ્રતિભાવ જોવા મળ્યો હતો. અંતે ચેમ્બરના માનદ્ ખજાનચી શ્રી શૈલેષ દેસાઇએ સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ વેબીનારનું સમાપન થયુ હતુ.